સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સત્સંગને ધાર્મિક ઉત્સવો બંધ કરાવી દીધાં!
હોમ-હવન ને પિતૃપૂજા બંધ કરાવી દીધાં!
મરાવી દીધાં મંદિરો તાળાં, પૂજા-અર્ચના બંધ -
રાવણે મૃત્યુનો ભય ફેલાવી, ને ડરાવી દીધાં...
(રામાયણ-કાળમાં - રાવણનો અત્યાચાર)

હાઈકુ

બંને આંખોમાં -
આંસુડાં ભરી ભરી -
ચઢાવો લોટા!
(શ્રાવણ શરૂ)

રાખો અંતર -
ભગવાનથી પણ - !!
ઈ યે રાખશે !!
(... એની આંખે - માસ્ક)

ચિંતન

અમંત્રમક્ષરં નાસ્તિ, નાસ્તિ મૂલ મનૌષધમ્ ।
અયોગ્ય : પુરુષો નાસ્તિ, યોજક સ્તત્ર દુર્લભઃ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પ્રત્યેક અક્ષરમંત્ર રુપ છે, કોઈ અક્ષર એવો નથી જેમાં મંત્ર બનવાની ક્ષમતા ન હોય, પ્રત્યેક જડીબુટ્ટી, વનસ્પતિ ઔષધીરુપ છે જ. ઔષધિનો ઉપયોગ કરી શકે તેનો જાણકાર - ઓળખનાર આ નિષ્ણાતની હોશિયારી પર આધારિત છે.

વાલ્મીકિજીએ 'મરા-મરા' નો જાપ સાચા હૃદયથી કરેલો અને એમને પરિણામ મેળવેલું. પ્રત્યેક અક્ષરમાં મંત્ર થવાની તાકાત છે, એમાં શ્રદ્ધા વિશ્વાસનું બળ પૂરવું જરૂરી છે.

જેટલી વનસ્પતિનું ઈશ્વરે સર્જન કર્યું છે તે તમામ ઔષધ બનવાની ક્ષમતા ધરાવે જ છે. ઈશ્વરનું સર્જન નિરર્થક કે અકારણ હોય જ નહીં.

એવી જ રીતે માણસ માત્ર દેખાવે સરખા જ લાગે છે પણ દરેકની બુદ્ધિમત્તા - પ્રતિભા અને ગુણોની શક્તિ અલગ અલગ હોય છે. એમાંથી એ બહાર લાવી તેનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકે તેવો પારખુ જ્ઞાતા મળવો જરૂરી છે.

સુવિચાર

- દુનિયા મેં ઝુઠે લોગોં કો બડે હુનર આતે હૈ...
  સચ્ચે લોગ તો ઈલ્ઝામ સે હી મર જાતે હૈ...! - **રાયબહાદુર ચૌધરી**
- પ્રેમાળ શબ્દો આત્મવિશ્વાસ જન્માવે છે,
  વિચારોની સમૃદ્ધિ કુશળતા આપે છે. આપવાની ઉદારતા પ્રેમમાં પરિણમે છે - **લાઓત્સે**
- માણસ જેમ જેમ ઈશ્વરની શક્તિને સ્વીકારવા માંડે છે તેમ તેમ
  એનામાં ડહાપણ આવવા લાગે છે - **ભીખુદાન ગઢવી**
- 'વ્યુ પોઈન્ટ' જ મતભેદ ઊભા કરાવનાર છે - **દાદા ભગવાન**
- લોભ-લાલચ દુઃખોનું કારણ, ઉદારતા એ તો દુઃખોનું મારણ - **એસ. ભટ્ટાચાર્ય**
- જો યુવાની સડેલી હોય તો એ ઘડપણનું જ બીજું નામ છે, જો ઘડપણમાં પમ તનનો અને મનનો થનગનાટ કાયમ હોય તો ઘડપણ પણ યુવાનીનું જ બીજું નામ છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : એક તોલો હળદરનું ચૂર્ણ, એક તોલો મધ અને બે તોલા દહીં મિક્સ કરી સવાર-સાંજ ખાવાથી કમળામાં રાહત થાય છે.

સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક સંતે એકાંત શોધવા માટે હોડી લઈ એક શાંત સરોવરના મધ્યે પહોંચ્યા. નાવને લંગરથી સ્થિર કરી. આંખો બંધ કરી ધ્યાનસ્થ થયા. થોડા કલાકો શાંત પાણીમાં વિત્યા અને એમને લાગ્યું કે પોતાની હોડી સાથે બીજી કોઈ હોડી અથડાઈ રહી છે. એમની આંખો હજુ બંધ જ હતી. એમને મનોમન નોંધ લીધી કે આ ખલેલને કારણે એમના મનમાં ગુસ્સો વ્યાપી રહ્યો હતો ધ્યાનભંગ થવાથી એમને આંખો ખોલી અને પેલી નાવના નાવિક પર ગુસ્સો ઢાલવવા જતા હતા ત્યાં એમને જોયું કે નાવ તો સાવ ખાલી હતી. એ નાવને કોઈ લંગર નાખવાનું ભૂલી ગયું હશે એટલે પાણીની લહેર ને કારણે નાવ સરોવરના મધ્યમાં આવી ગઈ હતી. આમ થવાથી સંતને આત્મજ્ઞાન લાધ્યું અને સમજાઈ ગયું કે ગુસ્સો તો એમની પોતાની ભીતર હતો. એને ઊછળીને બહાર આવવા માટે બહારના કોઈ પરિબળના નજીવા ટકરાવની જ જરૂર પડે છે. સાર એ કે જયારે કોઈ સંજોગ અથવા વ્યક્તિ તમને ગુસ્સે થવા ઉશ્કેરે, તમને ખીજ ચડે તેવું વર્તન કરે ત્યારે પોતાની જાત પર નિયંત્રણ રાખવું. અને મનના ઉશ્કેરાટને શાંત પાડવા મનોમન આટલું બોલવું.' 'સામેની વ્યક્તિ કે સંજોગ તો એક માત્ર ખાલી નાવ છે. રોષ તો મારી ભીતર સંતાયો છે.'

વિશ્વકક્ષાના કવિની કદરમાં ઊણા ઉતર્યા

તંત્રીસ્થાનેથી...

ગુજરાતી કવિતાનું સૌથી ઊંચું શિખર છે નરસિંહ મહેતા. એ પછીની ગિરિમાળામાં પ્રેમાનંદ, નર્મદ-દલપતરામ અને ન્હાનાલાલની હરોળમાં ઉમાશંકર-સુંદરમ્‌ની જોડી શોભી રહી છે. બીજા કવિઓ અને ઉમાશંકર જોષીમાં ફેર હોય તો એટલો કે તેઓ માત્ર કવિ નથી. કવિ તરીકે સમકાલીનોમાં શ્રેષ્ઠ હોવા ઉપરાંત માણસ તરીકે પણ તેઓ મૂઠી ઊંચેરા છે. વસુંધરાના ઢેફામાંથી પાંગરીને તેઓ વિશ્વમાનવીની કક્ષાએ પહોંચ્યા છે. કવિત્વ સાથે એમનું વ્યક્તિત્વ સતત સ્પર્ધા કરતું વરતાય છે. અંતરિયાળ અવવલ્લીના ડુંગરાળ પ્રદેશમાંથી શબ્દના સથવારે એક બ્રાહ્મણનો દીકરો 'ભોમિયો વિના' ડુંગરા અને જંગલો ખૂંદવા નીકળી પડે છે અને આયુષ્યના અવશેષે ગિરા ગુર્જરીના વૈશ્વિક પ્રતિનિધિ લેખે પોંખાય છે. ભરયુવાનીમાં આબુ સ્થિત નખી તળાવ પર શરદ પૂનમનો ચંદ્રોદય જોઈ હરખઘેલો થઈ જઈને 'સૌંદર્યો પી ઉરઝરણ ગાશે પચી આપમેળે' - જેવી શાશ્વત પંક્તિવાળું સોનેટ આપે છે તો વળી વીસાપુર જેલમાં સત્યાગ્રહી તરીકે કેદ થયેલ કવિ ચેતના ગાંધી વિચારને શબ્દના વાઘા પહેરાવે છે. 'ત્યાં દૂરથી મંગળ શબ્દ આવતો...' એને બહુ જ નજીકથી સંભળાય છે. ઈંડરિયા પથ્થરોને એ વાચા આપે છે. 'બળતાં પાણી' જેવું સંવેદનાસભર સોનેટ આપે છે તો વળી ગગનચુંબી મંદિરો અને મહોલાતો રચી વૈભવમાં રાચનારાઓને એ હાડ સોંસરવી ઊતરી જાય એવી ચીમકી પણ આપી બેસે છે : 'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે / ખંડેરની ભસ્મકણી ન લાધશે!' આવું એક ભર્યુંભાદર્યું વ્યક્તિત્વ આપણી ધરતી પર હર્યું-ફર્યું. એના સમયગાળા દરમિયાન તો એ અત્ર-તત્ર-સર્વત્ર છવાઈ પણ ગયું. ગુજરાતી કવિતાની વસંતઋતુ જેવા આ ઋજુહૃદયના કવિ જયારે એમનો અંતરાત્મા પોકારી ઊઠે ત્યારે કાળઝાળ દુર્વાસા પણ બની ભલભળા ચમરબંધીઓની બોલતી બંધ કરી દેતા હતા. ઈંદિરા ગાંધીએ જ એમને રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત રાજયસભાના સાંસદ બનાવ્યા હતા. પરંતુ એ જ ઈંદિરાને મોરારજી દેસાઈની જોહુકમી ટાણે ટેકો આપનાર કવિએ કટોકટીકાળ દરમિયાન 'દો ટૂક' શબ્દોમાં સંભળાવી દેતાં એ અચકાયા નહોતા. એમને રાજયસભામાં એ સંદર્ભે કરેલ ભાષણ એક સાચા લોકચિંતકની છબી ઊપસાવે છે. ઉમાશંકર જોષીને ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિથી લઈ વિશ્વભારતીના કુલપતિ સુધીનાં પદોની નવાજેશ થઈ. દેશનો સર્વોચ્ચ સાહિત્ય અવોર્ડ - જ્ઞાનપીઠ પારિતોષિક પણ પ્રાપ્ત થયું. જ્ઞાનપીઠની પ્રવર પરિષદના અને કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે પણ નિમાયા. પરંતુ એમની સાથે જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર કન્નડ ભાષાના કવિ કે.વી. પુટપ્પા ('કુવેમ્પુ') ના નામે મૈસૂર યુનિવર્સિટીનું નામકરણ થયું, કર્ણાટકના તમામ મોટા શહેરોમાં એમની પૂરા કદની પ્રતિભાઓ મુકાઈ, રાજમાર્ગોનાં નામકરણ થયાં અને ઠેર ઠેર 'કુવેમ્પુ' નગરો રચાયાં : એની સરખામણીમાં ગુજરાતે એના વિશ્વકવિની કેટલી કદર કરી? ખુદ કવિના ગામમાં (આજે જેમનો જન્મદિવસ પણ છે એવા) પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ એમના સમર્પણ ટ્રસ્ટમાં ખર્ચ પાડીને કવિની અર્ધપ્રતિમા મુકાવી અને મોરારિ બાપુએ બામણાં એમના તર્પણ સ્વરુપે કથા કરી, એ સિવાય સમ ખાવા પૂરતુંય આપણે કે આપણી સરકારે ઉમાશંકર માટે કંઈ કર્યું છે ખરું ?

ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કવિ-ગીતકારનું સ્મરણ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'કાવ્ય - કવિતા સાહિત્યની એ વિદ્યા છે. જેમાં કોઈ વાર્તા કે મનોભાવને કલાત્મકરુપે ભાષામાં રજૂ કરાય છે.'

આવું વિધાન ક્યાંક વાંચ્યાનું સ્મરણ છે. કવિતા લખે છે કોઈ એક કવિ, પરંતુ જયારે એ સમાજ સુધી પહોંચે છે ત્યારે તે સર્વની બની જાય છે, વંચાય છે - ગવાય છે ને દાયકાઓ સુધી સચવાય છે.

ગુજરાતી ભાષામાં આવું કામ કરનારા કવિઓ - ગીતકારોમાંના બે વ્યક્તિઓનું આ લેખમાં સ્મરણ કરવું છે, જેમની બંનેની આજે જન્મ જયંતિ છે. પ્રથમ તે કવિશ્રી ઉમાશંકર જોષી અને બીજાને શ્રી અવિનાશ વ્યાસ. આ બંનેની શબ્દ રચનાઓએ ગીતોના વિવિધ રુપોમાં જે પ્રદાન કર્યું એના પરિણામે આજે ગુજરાતી કાવ્યસૃષ્ટિ અને ગીત સૃષ્ટિ રળિયાત છે.

મૂર્ધન્ય સારસ્વત, સંસ્કૃતિ સેતુ, ઉર્ધ્વમુખ વિદ્યાપુરુષ એવા કેટલાયે વિશેષણોથી આભૂષિત ઉમાશંકર જોષીના સર્જનની વિવિદતા તો જુઓ, અનુવાદક-નવલકથા-નિબંધ-નાટક - વિવેચન - કાવ્ય-સંપાદન... અનેક ક્ષેત્રોમાં તેઓએ બહુમૂલ્ય પ્રદાન કર્યું... અને વળી શિક્ષણ ક્ષેત્રે અધ્યાપક તરીકે તો ખરું જ! પોતાની અંદર પ્રગટ થઈ રહેલા કાવ્ય માટે તેઓ લખે છે,

ગર્ભમાં રહેલા બાળકની
બીડેલી આંખો
માતાના ચહેરામાં ટમકે,,
મારા અસ્તિત્વમાં એમ,
કાવ્ય ચમકતું તમે જોયું છે?

તા. ૨૧મી જુલાઈ ૧૯૧૧ના રોજ ઈડર પાસેના બામણા ગામે એમનો જન્મ થયો. બામણા, ઈડર અને અમદાવાદમાં અભ્યાસ કર્યો. મુંબઈથી બીએની ડિગ્રી મેળવી. મુંબઈ અને અમદાવાદમાં શિક્ષણ કાર્ય સાથે જોડાયેલા રહ્યા.

કવિ ઉમાશંકર જોષીની અનેક રચનાઓ જાણીતી છે એમાંની એકનું સ્મરણ થાય છે,

નથી મેં કોઈની પાસે વાંછ્યું
પ્રેમ વિના કંઈ,
નથી ક કોઈમાં જોયું
વિના સૌંદર્ય કેં અહીં...

કાવ્યના - શબ્દના સૌંદર્યને ગુજરાતી કાવ્ય સંગીત અને ગુજરાતી ફિલ્મ સંગીત દ્વારા દેશ-વિદેશમાં ફેલાવનાર ગીતકાર-સંગીતકાર અવિનાશ વ્યાસની પણ તા. ૨૧મી જુલાઈ જન્મજયંતિ છે.

પાંચ પાંચ પેઢથી એમના ગીતો ગવાયા છે અને હજુયે આવનારી પેઢીઓ ગાશે - એના તાલે ઝૂમશે. લોકહૃદયમાં તેઓએ ગીતકાર - સંગીતકાર તરીકે એમનું સ્થાન હૃદયસ્થ કર્યું છે એના મૂળમાં જીવાતા જીવનની ઘટનાઓની - સંવેદનાની - સંબંધોની સીધી-સાદી અને રસિક રજૂઆત છે.

ગુજરાતી સુગમ સંગીતનો પર્યાય, આજીવન સૂર અને શબ્દના આરાધક, ગુજરાતી કાવ્ય સંગીતને આગવી ઓળખ આપનાર શાનદાર અને દમામદાર વ્યક્તિત્વ એટલે અવિનાશ વ્યાસ.

મા અંબાના પરમ ભક્ત એટલે એમની રચનાઓમાં આદ્યશક્તિની આરાધના-સ્તુતિ - વંદના - ભક્તિ વ્યક્ત થતા રહ્યા... માંડી તારુ કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... એક હરતું ને ફરતું મંદિર, મારો ગરબો, જેવી કેટલીયે રચનાઓ - ગરબાઓ આજે પણ ગવાય - ત્યારે આસપાસ આના વર્તુળ રચાય.

૧૯૪૦ માં તેઓ મુંબઈ ગયા. ઉસ્તાદ અલ્લાઉદ્દીન ખાં સાહેબ પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી. એચએમવી સાથે કામ કર્યું. ગુજરાતી ફિલ્મોમાં ગીતકાર-સંગીતકાર તરીકે સફળતા મળી ૧૯૪૮ની ફિલ્મ ગુણસુંદરીથી. ૧૯૭૧થી ગુજરાતી ચલચિત્રોનો જે સુવર્ણયુગ રચાયો એમાં તો અવિનાશ ભાઈએ ડંકો વગાડ્યો.

ગુજરાતનું લોકજીવન, ઉત્સવો - મેળાઓ, મંદિરો - શહેરો - કુટુંબભાવના-ભક્તિ અને ભજનને ગીત - સંગીત દ્વારા વૈશ્વિક ઓળખ આપી. ભારત સરકારે એમને પદ્મશ્રી એવોર્ડ આપી સન્માન કર્યું, તે સિવાય પણ અનેક એવોર્ડઝથી વિભૂષિત થયા.

હિન્દી ફિલ્મોના લગભગ તમામ ટોચના ગાયકો પાસે ગુજરાતી રચનાઓ ગવડાવવાનું શ્રેય પણ એમને જાય છે. નૃત્ય નાટિકાઓ અને મંચ પરના ગરબામાં પણ તેઓની જાદુઈ અસર છવાયેલી રહી.

એમના સુપુત્ર ગૌરાંગ વ્યાસે પણ દાયકાઓ સુધી સંગીતકાર તરીકે શ્રેષ્ઠ પ્રદાન કર્યું અને આજે પણ સ્ટેજ સાથે કે સંગીત સાથે સમર્પિત છે. એમની જન્મ જયંતિએ એમના માટે એટલું જ કહી શકાય કે તેઓ સ્વર્ગસ્થ નહિ પરંતુ લાખ્ખો શ્રોતાઓના હૈયામાં હૃદયસ્થ થયા છે. એથી જ ગુજરાતી ગીતોની સૃષ્ટિમાં એમની રચનાઓ અજવાળા રેલાય છે ને રેલાયા રહેશે.

ચાલો મને શુભેચ્છા પાઠવો મારી ઉંમર આજે ત્રણ દિવસની થઈ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ચાર વર્ષની દીકરીને ઘરની નકામી વસ્તુઓને રમકડાં બનાવીને રમતી જોઈ. રોજ જોઉં છું. પણ આજે શિષ્યભાવે જોયું. જે દીકરી ૨૨મી માર્ચથી ઘરના દરવાજાની બહાર નથી નીકળી. lockdown કે unlock-2 ગમે તે આવે,પરંતુ તેને સમજાવવામાં આવ્યું કે બહાર રમવું હિતાવહ નથી. અને તેણે ઘરમાં અલગ જ આખી સ્વપ્નીલ દુનિયા બનાવી લીધી છે. લગભગ છેલ્લા અરધા કલાકથી એકલી એકલી તેને ટેડિ સાથે સંવાદ કરતી સાંભળી. વળી પાછી જે ઉત્સાહથી તે નવી નવી લંગડી કરતા શીખી તે એવી રીતે બતાવે છે કે જાણે તેને દુનિયાની કોઈ નવમી અજાયબી શીખી ગઈ હોય. આ ચાર વર્ષની દીકરી વળી પાછી શીખવી ગઈ કે બહાર જવાનું નથી કોરોના સામેની ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનું છે.

ઘણા વખતથી મિત્રોને, સંબંધીઓને મળાયું નથી. આપણને આવતાં કંટાળાને જાતે જાતે જ justify કરીએ છીએ કે ઘણા વખતથી ઘરમાં બંધ છીએ ને એટલે સ્વભાવ જરા ચિડિયો થઈ જ જાય. પણ આપણી કરતાં વધુ રમતિયાળ, ચંચળ એવા નાના બાળકો જો એટલી સાહજિકતાથી નવી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધીને, આનંદપૂર્વક, રોજ રોજ નવાં ઉત્સાહ અને કુતૂહલ સાથે જીવન જીવતા હોય તો જીવન જીવવાનો ઉત્તમ પાઠ તેમની જોડેથી સમજવા જેવો છે જીવનને જીવન જેવું બનાવવું હશે તો જીવતા શીખવું પડશે. આ મહામૂલી વાત વર્ષોથી જાણતો હતો પણ હજી ગઈકાલે જ સમજ્યો.

અને આથી જ આ પ્રસંગે મને બુદ્ધ ભગવાનની એક વાત યાદ આવી ગઈ. એકવાર ભગવાન બુદ્ધને એક ભિક્ષુ મળ્યો બુદ્ધે ભિક્ષુને પૂછ્યું તમારી ઉંમર કેટલી છે ? ભિક્ષુએ કહ્યું કે, ''ચાર વર્ષ.'' એ ભિક્ષુ તો વૃદ્ધ દેખાતા હતા. બુદ્ધ અને તેમની આસપાસના ભિક્ષુઓ નવાઈ પામ્યા ભગવાન બુદ્ધે વિચાર્યું કે કદાચ મારી કોઈ સમજવામાં ભૂલ થઈ હશે. ફરી પૂછ્યું તમારી ઉંમર કેટલી છે વૃદ્ધે કહ્યું: ''મેં કહ્યું ને કે ચાર વર્ષ !'' બુદ્ધે કહ્યું તમે તો અમને મૂંઝવણમાં મૂકી દીધા છે. લાગે છે કે તમારી ઉંમર ૭૦ વર્ષની હશે, અને તમે કહો છો કે ચાર વર્ષ છે. કેવી રીતે ગણતરી કરો છો ?

તે વૃદ્ધે કહ્યું કે ચાર વર્ષ પહેલાં જે જીવન હતું તે જીવન ન હતું. તેની ગણતરી હું નથી કરતો. મને તો છેલ્લા ચાર વર્ષથી જ જીવનની સુગંધ મળવાની શરૂ થઈ છે. છેલ્લાં ચાર વર્ષથી જ મારું ચિત્ત શાંત થયું છે. મેં છેલ્લાં ચાર વર્ષમાં જ મારી અંદર ડોકિયું કરીને નિહાળ્યું તો મારામાં પણ જીવન છે તેની મને પ્રતીતિ થઈ છે. બહાર તો બીજું કશું જ હતું. જીવન તો અંદર છે અને હું બહાર જોતો રહ્યો. ચાર વર્ષ પહેલાની ઉંમરને હું ગણતરીમાં લેતો નથી. ભગવાન બુદ્ધે ભિક્ષુઓને કહ્યું બરાબર ધ્યાનમાં રાખો આ માણસે જિંદગીને માપવાની નવી વાત બતાવી છે. અને આજથી મારા ભિક્ષુઓની ઉંમર એ જ દિવસથી ગણવામાં આવશે જે દિવસે તેમને શાંતિ પ્રાપ્ત થાય. તેઓ જીવનનો અનુભવ કરે. તે પહેલાની ઉંમરની ગણતરી કરવાની કોઈ જરૂર નથી.

આપણે જીવંત નથી લગભગ મૃતઃપ્રાયઃ છીએ. અને આપણે કંઈ પણ પરિશ્રમ કરીએ છીએ, જે કંઈ મહેનત કરીએ છીએ એ જીવનને બનાવવા માટે કરીએ છીએ જે ખોટું છે. આ ભ્રામક છે. સાચું નથી. વિજ્ઞાનીઓ કહે છે કે શરીરમાં સેંકડો પેશીઓ છે, સેંકડો કોશો છે. જે રોજ મરતા રહે છે. મરી મરીને બહાર નીકળે છે. અમુક વર્ષે આપણું આખું આંતર-શરીર બદલાઈ જાય છે. બીજું શરીર આવી જાય છે. સાત વર્ષમાં તમારી અંદર એવું કશું હોતું નથી જે જૂનું હોય. એ બધું બદલાઈ જાય છે. નવી નવી ચીજો એનું સ્થાન લેતી રહે છે. જ્યારે શરીરવિજ્ઞાનનો નિયમ એવો હોય તો મનવિજ્ઞાનનો નિયમ એવો કેમ નથી ? આપણે મનમાં કેમ કશું નવું ઉત્પન્ન કરતા નથી ? બધું જૂનું જૂનું સંઘરી રાખીએ છીએ. વર્ષો પહેલાંનો આનંદ વર્તમાન સાથે સરખાવીને દુઃખી થઈએ છીએ. તો વળી ક્યારેક વર્ષો પહેલાના દુઃખને મમળાવતા રહીને અત્યારનું સુખ જતું કરીએ છીએ. બંને સંજોગોમાં વર્તમાનમાં તો જીવતા જ નથી.

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માંના ભીડેભાઈ યાદ છે ને .....''હમારે જમાને મેં...'' તેમનો આ સંવાદ આવે અને આજુબાજુવાળા ભાગી જાય. આ જ વાત આપણે સમજવાની જરૂર છે. આપણે જીવીએ છીએ તે જીવન નથી. જીવનને સમજી લેવું હોય તો કોઈ બીજી મોટી ફિલોસોફીની મોટા ગ્રંથોની, કથા-સપ્તાહ સાંભળવાની એવી કોઈ વિશેષ જરૂર નથી. માત્ર પોતાની અંદર ડોકિયું કરવાની જરૂર હોય છે. હા, તત્વજ્ઞાનના પુસ્તકો કે પછી કથા-પ્રવચન, ધાર્મિક ગ્રંથો, આ બધાં ઉપકરણો આપણને સહાય કરે છે ''તાળો મેળવવા માટે''. તાળો એ મેળવવાનો છે કે આપણે જે જીવન જીવી રહ્યા છીએ તે બરોબર છે કે નહીં. તે ચકાસવા માટે આધ્યાત્મના, ફિલોસોફીના પુસ્તકો વાંચવા કે પ્રવચનો સાંભળવા જોઈએ. પણ તેની અંદરથી કંઈક શીખવા મળશે તેવું કશું નથી હોતું. શીખવાનું તો આપણે આપણા જીવન પાસેથી જ છે. રોજની ઘટનાઓ પાસેથી શીખવાનું છે. આસપાસના લોકો પાસેથી શીખવાનું છે. ૭૦ વર્ષના પિતા જે પાઠ નથી શીખવી શકતા, તે પાંચ વર્ષનો બાળક શીખવી જાય એવું પણ બને ! પણ આ બધા માટે સૌપ્રથમ એ સમજવું જરૂરી છે કે જીવન જીવવાનું શરૂ કરવું. તેનો સ્વીકાર કરવાનું શીખવું પડશે, અહંભાવ ત્યજવો પડશે. નાનામાં નાના વ્યક્તિ પાસેથી પણ કશું શીખી શકાય તે રીતે મનની બારી ખુલ્લી રાખવી પડશે. ભૂતકાળના ભોરિંગથી બહાર નીકળીને ભવિષ્યની યોજનાઓ કરે રાખવાના આયોજનોમાંથી બહાર નીકળીને, વર્તમાનમાં જીવવું પડશે.

વાસ્તવમાં આવી ભારેખમ વાત કરવાનો આજે કોઈ ઈરાદો હતો નહીં, પણ અગાઉ તમને કહ્યું તેમ આવી વિપરિત પરિસ્થિતિમાં પણ ઘરનાં સૌથી નાના સભ્ય પાસેથી, તેના સહજતાથી અનુકુલન કરવાના સ્વભાવ પરથી, હાથે આવ્યું તે હથિયાર માનીને કોઈ પણ વસ્તુને પોતાનું મહામૂલું રમકડું બનાવીને આનંદ માણવાની વૃત્તિથી જીવન જીવવાનું અમિટ સત્ય જે મારી અંદર પડ્યું જ હતું તે જાગૃત થઈ ગયું. જીવનની આ સ્વીકારની અને પરિવર્તનને અપનાવવાની જે કુશળતા માહ્યલામાં પડી હતી તે જાગૃત થઈ. અને માટે જ મેં લખ્યું છે કે આ નવી સમજ સાથેનો હું આજે હવે ત્રણ દિવસનો થયો. અગાઉના વર્ષોનો માંડવાળ કરીએ તો હવે જીવન શરૂ થયું.

હા, એવી શક્યતા ચોક્કસ છે કે વળી પાછો હું ક્યાંક બીબાઢાળ જીવનચક્રમાં ફસાઈ જઈને જીવનનો ઢસરડો વેંઢારતો હોઉં તેમ વર્તવા લાગુ. મારી Operating System કરપ્ટ થઈ જાય. પણ ત્યારે વળી મારે મારા ઘરની સૌથી નાની સભ્ય અને તેની જીવનને સ્વીકારીને જીવવાની કુશળતા જોઈને મારી જાતને અપડેટ કરી દેવાની. બસ શરત એ છે કે, આપણાં ઘરના બાળકોનું બાળપણ આપણે અકબંધ રાખીએ. તેમની નિર્દોષતા, મૌલિકતા આપણે પોષીએ. કારણકે જો આપણે આટલું સાચવી લઈશું તો અને તો જ આપણું વારંવાર કરપ્ટ થઈ જતું મનનું સોફ્ટવેર અપડેટ કરવાનું કે જૂની OSને અપડેટ કરવાનો મૂળસ્રોત અકબંધ રહેશે.

- jayuoza@gmail.com, Mo.9898046488

એક ડાઇહાર્ડ પ્રવાસીની ચેતના...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક સાહિત્ય સર્જકની ઊર્જા એનો પ્રવાસ કેવી રીતે બને એ સાહિત્યકાર અને કવયિત્રી પ્રજ્ઞા પટેલે પ્રસ્થાપિત કર્યું છે. પિતા આત્મારામ પટેલના પાંચ સંતાનો પૈકીના એક પ્રજ્ઞાબહેનને બાળપણથી જ કુદરતના ખોળે મહાલવામાં અજબનો આનંદ મળતો. અમરનાથ યાત્રાથી માંડીને કૈલાસ માનસરોવર, આંદામાનથી માંડીને એવરેસ્ટ બેઝ કેમ્પ, દુબઈથી માંડીને યુરોપને એમણે ધમરોળી નાખ્યા છે. પ્રજ્ઞાબહેનની કલમમાં અદભુત વાસ્તવિકતા અને અનુભૂતિની ઝલક જોવા મળે છે. પણ આજે વાત કરવી છે એમની પ્રવાસ પ્રિય ચેતનાની.

છેલ્લા ત્રણ-ચાર મહિનાથી હું એમનું ફેસબુક પેજ ફોલો કરતો હતો. 'નર્મદે હર' મથાળા હેઠળ એમણે ૩૦ જેટલી પોસ્ટમાં એમની નર્મદા પરિક્રમાનો અર્ક પીરસ્યો છે. કહેવાય છે કે, મા નર્મદાની પરિક્રમાની યાત્રા લગભગ ૩૫૦૦ જેટલાં કિલો મીટરની થાય છે. ગુજરાતની આદરણીય 'મા' નર્મદાનું પૌરાણિક શાસ્ત્રોમાં અત્યંત મહત્વ રહ્યું છે. નર્મદા પરિક્રમાના માર્ગમાં મૂર્તિઓ, મંદિરો, સંતોના આશ્રમો, સ્થાપત્યોનો વિપુલ ખજાનો છે. પ્રજ્ઞાબહેન 'ડાઈહાર્ડલ્લ પ્રવાસી ઉપરાંત સાહિત્ય સર્જક હોવાથી તેમની દરેક મુલાકાતો અને પ્રવાસના વર્ણન વાંચતા એમ જ થાય કે આપણે સ્વયં એ સ્થળે છીએ. એમની સરસ વર્ણનશક્તિ અને શબ્દો હૃદયમાં સોંસરવા ઉતરી જાય એવા હોય છે.

નર્મદા પરિક્રમા અમરનાથની યાત્રા કરતા પણ કપરી અને હૃદયને હચમચાવી મૂકે એવી હોય છે. વળી જે સમયમાં એમણે પરિક્રમા આરંભી એ સમયે કોરોનાનો ડોળો ગુજરાત અને ભારત ઉપર મંડરાયેલો હતો. લોકડાઉન અને બિમારીના ભયના ઓથારમાં લોકો હતા. પરંતુ પ્રજ્ઞાબહેનની લગન અને આધ્યાત્મિક ચેતનાને દાદ આપવી ઘટે. એમણે તમામ મસમોટા અંતરાયોને આઘા હડસેલી દીધા. એમના નિશ્ચયમાં અડગ રહ્યા. એટલું જ નહીં જે વિચાર્યું હતું એ કાર્ય સત્યનિષ્ઠાથી પૂર્ણ કરીને જંપ્યા. પ્રજ્ઞાબહેન કહે છે કે, એકાદ દાયકા પહેલાં ઓમકારેશ્વરમાં માતૃશ્રી સાથે કોઈ સંતના ભંડારા પ્રસંગે જયારે એ ગયા ત્યારે એમને નર્મદા મૈયાનો પરિક્રમા પથ મનમાં વસી ગયેલો. એ વખતે મનમાં એમને એક પ્રશ્ન થયેલો કે મીની પરિક્રમા પથ આટલો અદભુત અને અલૌકિક છે તો આખો પરિક્રમા પથ કેટલો મનલુભાવન અને ચેતનાસભર હશે ? ઐશ્વરીયની ખોજ અને આંતરિક અવાજ બુલંદ હોય ત્યારે વ્યક્તિને તેણે ધારેલા માર્ગો અકલ્પનીય રીતે ખુલી જતા હોય છે. વિકટ અને મુશ્કેલ એવી નર્મદા પરિક્રમા એમણે વર્ષ ૨૦૨૦ના મે મહિનાની ૨૪મી તારીખે 'નર્મદે હર'ના નાદ સાથે આરંભી દીધી.

આખા જગતમાં નર્મદા પરિક્રમાનું અદકેરું મહાત્મ્ય છે. પૂર્વ ભાષા નિયામક અને લેખક, વિચારક સ્વ. કાલીદાસભાઈ ત્રિવેદીએ નર્મદા પરિક્રમા પૂર્ણ કર્યા બાદ એમની અનુભૂતિ અને અનુભવોને શબ્દે કંડારી મઝાનું પુસ્તક તૈયાર કર્યું હતું. મા નર્મદાની વાત નીકળે ત્યારે સર્જક અમૃતલાલ વેગડ અને ધ્રુવ ભટ્ટના મા નર્મદાના સર્જન માનસપટ ઉપર તરવરવા લાગે. ભવિષ્યમાં બહેન પ્રજ્ઞાની અનુભૂતિ પણ પુસ્તક સ્વરૂપે જોવા મળશે જ.

પ્રજ્ઞાબહેન વિનયન ક્ષેત્રે ડબલ માસ્ટર્સ ડિગ્રી ધરાવવા ઉપરાંત રાજય સરકારમાં વરિષ્ઠ અધિકારી રહી ચૂક્યા છે. એમની સાથે ફરજ બજાવતા જીવનના અભિગમ વિશેના એમના વાસ્તવવાદી દ્રષ્ટિકોણને જાણવા-સમજવાનો અનાયાસે અવસર મળતો રહ્યો. જયારે ફરજ ઉપર હતા ત્યારે પણ ક્યારેય એમણે એમના ઉચ્ચ હોદ્દાનો રૂઆબ ઝાડ્યો હોય કે સત્તાનો ઉન્માદ છલકાવ્યો હોય એવું સ્મરણમાં નથી. હંમેશા તાજગીસભર વિચારો સાથે વાસ્તવિક તળથી જોડાયેલી એમની વાતો સાથી ઉપર ચુંબકીય અસર છોડી જતી.

પરિક્રમા દરમિયાન એ સાધુ, સંત, ફકીર, મહાત્માઓ સહિત અનેક લોકોને મળ્યા. એમના જ શબ્દોમાં કહીએ તો 'આ બધા જ મા અન્નપૂર્ણાના સીધા અવતાર જેવા હતા. કોઈ પરિચય વગર ભોજન અને ચા-નાસ્તાનો અનહદ આગ્રહ અને તેમ છતાં પણ પોતે કંઈક કરી રહ્યા છે એવો લેશ માત્ર ભાવ નહીં.'

ક્યારેક ઉબડ ખાબડ રસ્તો તો ક્યારેક સીધું ચઢાણ, ક્યાંક પ્રગાઢ જંગલ તો ક્યાંક રમણીય સપાટ મેદાન. આવા જીબો ગરીબ પથ ઉપર આનંદ કરતા, અનેક લોકોને મળતા અને અમુલ્ય